# પોળોના ભવ્ય વારસાને વિશ્વ ફલક પર ઉજાગર કરવાનું કામ કરાયું છે : પ્રદિપસિંહ

હિંમતનગર, તા. ૧૩

પ્રજાસત્તાક પર્વ રાજ્ય મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા અનોખી ટુર ડી પોલો ગ્રીન રેસ સ્પર્ધા યોજાઈ હતી. આ ગ્રીન રેસ સ્પર્ધાને રાજ્ય કાયદા અને જિલ્લા પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સ્પર્ધાના સાયલિસ્ટોને પ્રોત્સાહન આપતા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લામાં ઐતિહાસિક અને ભવ્ય વારસો આવેલો છે. કુદરતની અમૂલ્ય વિરાસત સમા વિજયનગરની પોળોને વિશ્વ ફલક પર ઉજાગર કરવા સાબરકાંઠા જિલ્લાએ નવતર પહેલ કરી છે. જે અંતર્ગત આજે વિજયનગર ત્રણ રસ્તાથી પોળો સુધી ટુર ડી પોલો ગ્રીન રેસ યોજવામાં આવી છે. પર્યાવરણ અસમતુલન અંગે ચિંતા વ્યક્ત કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની પરેશાનીમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે મુખ્યમંત્રીએ તેમની દિર્ઘદષ્ટિ અભિગમથી રાજ્યના પ્રવાસન સ્થળોને ઈકો ટુરીઝમ તરીકે વિકસાવવાનો પ્રયાસ આદર્યો છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની શતાબ્દીના આ પ્રસંગે ભવ્ય રાષ્ટ્રના નિર્માણમાં યુવાનોને જોડીને તેમનામાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ સ્પર્ધામાં ગુજરાત અને રાજ્ય બહારના સાયકલ સવારોએ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર સ્પર્ધામાં ભાગ લેનાર સાયકલિસ્ટોને સાયકલ તથા આરોગ્ય વિષયક સુવિધા જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પુરી પાડવામાં આવી હતી. ગ્રીન રેસના પ્રસ્થાન સમયે જિલ્લા અગ્રણી શ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, જશુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, જિલ્લા પોલીસવડાશ્રી ચિરાગ કોરડીયા, ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી પ્રજાપતિ, હિંમતનગર પ્રાંત અધિકારી રીન્કેશભાઈ પટેલ, નાયબ મામલતદાર દેવેશભાઈ પટેલ સહિત જિલ્લાના તમામ અધિકારીઓ અને શહેરી-ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

ગુજરાતના ગામડાઓમાં દલિતો પર થતા અત્યાચારોના વિરોધમાં બહુજન સમાજ પાર્ટી દ્વારા ઠેર ઠેર આંદોલન છેડાય છે. જેમાં આભડછેડના વિરૂદ્ધમાં ૨૬મી જાન્યુઆરી અમદાવાદ ખાતે દલિતો દ્વારા જાહેરમાં વિવિધ કાર્યક્રમ યોજાશે. જે અંગે ડીસાના નાયબ કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.



સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે સ્થિત પ્રાંતિજ બ્લોક હેલ્થ કચેરી મારફતે તાજેતરમાં કુટુંબ નિયોજન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ગૌતમ નાયક અને આરોગ્ય કર્મીઓ દ્વારા ૪૫ જેટલી મહિલાને સારવાર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ)

# પ્રાંતિજ બજારમાં પતંગ રસિકોની ભારે ભીડ

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજના બજારોમાં ઉત્તરાયણના પર્વને લઈ છેલ્લા બે દિવસથી પતંગ રસિયાઓની ભારે ભીડ જામી રહી છે. અને અવનવા પતંગો અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે.

મકરસંક્રાંતિને આડે હવે એક જ રાત બાકી રહેતા પતંગ રસિયાઓ પ્રાંતિજ બજારમાં પતંગ-દોરીની ખરીદી કરવા માટે ઉમટી રહ્યા છે. પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેશનથી નાની ભાગોળ સુધી વેપારીઓએ વિવિધ સ્ટોલો ઉભા કર્યા છે. જેમાં અવનવા પતંગો ભારે આકર્ષણ જમાવી રહ્યા છે. તો બીજી તરફ જામફળ, ચીકી, બોર જેવી ચીજવસ્તુઓના બજારોમાં પણ લોકોનો ભારે ઘસારો જોવા મળે છે. પતંગ દોરીના ભાવમાં ગત વર્ષ કરતા આ વર્ષે વધારો હોવા છતાં પતંગ રસિકો મન મુકીને ખરીદી કરી રહ્યા છે.

# ડીસામાં તોલમાપમાં છેતરપીંડી કરનારાઓ સાવધાન

ડીસા, તા. ૧૩

'શ્રી જાગૃત નાગરિક' ગ્રાહક સુરક્ષા મંડળ વતી પ્રિતેશ શર્મા એક અખબારી યાદીમાં જણાવે છે કે, ડીસા ખાતે કેટલાંક વેપારીઓ, દુકાનદારો, રેસ્ટોરેન્ટ અને ફેરીયાઓ દ્વારા છાપેલી કિંમત કરતાં વધુ ભાવો લેવા અને ઓછુ વજન આપવા અંગે ફરીયાદો મળતાં કાનુની માપ વિજ્ઞાન તંત્ર બનાસકાંઠાના મદદનીશ નિયંત્રકશ્રી એન.એમ. રાઠોડ અને ગ્રાહક બાબતોના ગુજરાત સરકારનાં ડીરેક્ટર શ્રી કિશોર કે. દવેના માર્ગદર્શન હેઠળ શ્રી જાગૃત નાગરિકના કાર્યકર્તાઓ અને તોલમાપ ઈન્સ્પેક્ટરોની ટીમે ઓચિંતી મુલાકાત લઈ બાવન જેટલા કેસો કરી સ્થળ ઉપર દંડ વસુલ કરેલ છે.

ડીસામાં જુના શાકમાર્કેટ, મેઈન બજાર ખાતે ફેરીયાઓ અને દુકાનદારો દ્વારા નિયત મુજબના કાંટા-બાટ, વજનીયાં છાપ્યા વગર કાયદાનું ઉલ્લંઘન કરી, બાટ અને કાંટા સાથે છેડખાની કરી ગ્રાહકોને ઓછુ વજન તોલી આપવાની ફરીયાદો વધી રહી હોઈ આ અંગે ગ્રાહકોએ શ્રી જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળને રજુઆત કરતાં તોલમાપ ખાતાની સમગ્ર ટીમના ઈન્સ્પેક્ટર શ્રી નાગોરી, શ્રી કે.એન. નાગર, શ્રી મીર વિગેરેએ ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ શ્રી કિશોર કે. દવે, મંત્રીશ્રી પ્રિતેશ શર્મા, ટ્રસ્ટી કમલેશભાઈ ઠક્કરે જલારામ યુવક મંડળના પુનિતભાઈ ઠક્કર, આર.ડી. ઠક્કર વિગેરેના સાથ સહકારથી બાવન જેટલા કેસો કરી રંગેહાથે પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. પ્રથમ ગુનો હોઈ કાયદાની જોગવાઈ મુજબ સ્થળ ઉપર દંડ વસુલ કરી છોડવાનું ઠરાવેલ હોવાથી ગુનેગારો પાસેથી રૂ. ૧૧,૫૦૦ નો દંડ સ્થળ ઉપર વસુલ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૧૩માં પણ શ્રી જાગૃત નાગરિક, ગ્રાહક સુરક્ષા મંડળ અને કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા આવી ઝુંબેશ હાથ ધરી ૩૬ કેસો કરવામાં આવ્યા હતા અને આજે પુનઃ બાવન કેસો કરવામાં આવ્યા છે. જેનાથી ઓછું તોલનારાઓ અને છેતરપીંડી કરનારાઓમાં ફફડાટ ઉભો થયો છે. જ્યારે સામાને પક્ષે ગ્રાહક આલમમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

ડીસામાં અનેક દુકાનો અને ફેરીયાઓ દ્વારા ખુલ્લેઆમ થઈ રહેલી છેતરપિંડી સામે કાર્યવાહી કરવા શ્રી જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા મંડળ અને સરકારી તંત્રે કડક હાથે કાર્યવાહી કરવા આરંભ કરતાં ગ્રાહકોમાં તેની પ્રશંતા થઈ રહી છે.

# તલોદમાંથી મળી આવેલ યુવતીનું નવ મહિના બાદ માતા-પિતા સાથે મિલન

તલોદ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેથી નવ મહિના પહેલા સાંજના સુમારે મહાદેવના મંદિર પાસેથી એક ૨૮ વર્ષીય યુવતી જે સામાન્ય સાંભળતી હતી અને બોલી પણ શકતી ન હતી તે પોલીસને મળી આવી હતી. જેને પોલીસે હિંમતનગર નારી સંરક્ષણ કેન્દ્રમાં મોકલી આપી હતી. તેના માતા-પિતાની શોધખોળ કરી રહી હતી. દરમિયાન નવ મહિના બાદ સોમવારે મળી આવેલ યુવતીના માતા-પિતાને નારી સંરક્ષણ કેન્દ્રએ પુરાવા લઈને યુવતીને સોંપી હતી.

વિગત મુજબ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલ ઘનશ્યામનગર સોસાયટીમાં ૧૧૨ નંબરમાં રહેતા ચંદુભાઈ ગણપતભાઈ વાઘેલાને એક દીકરો અને ચાર દીકરી છે જેમાંથી તમામ દીકરીઓ માનસિક રીતે અસ્થિર અને બોલી શકતી નથી જે ચાર પૈકી તેમની ૨૮ વર્ષીય દીકરી રીટા કોઈ પણ કારણોસર ૧૧મી એપ્રિલ-૨૦૧૩ને સવારે ઘરેથી નીકળી ગઈ હતી. જેથી આ દિવસે સાંજે તેના ચંદુભાઈએ અમરાઈવાડી પોલીસમથકે પોતાની દીકરી રીટા ગુમ થઈ છે તે અંગેની ફરિયાદ નોંધાવી હતી. તો બીજી તરફ રીટા અમદાવાદથી રેલવે દ્વારા સાબરકાંઠાના તલોદ ખાતે આવી પહોંચી હતી. અને રેલવે સ્ટેશન નજીક આવેલ મહાદેવના મંદિર પાસે બેસી રહી હતી જે અંગે અવર-જવર કરતા લોકોએ તલોદ પોલીસને જાણ કરતા પોલીસ રીટાને પોલીસમથકે લાવી હતી અને પૂછપરછ કરતા તે કાંઈ બોલી શકતી ન હતી. જેથી રીટાને હિંમતનગર નારી સંરક્ષણ કેન્દ્રમાં મોકલી આપી હતી. જ્યાં રીટાએ દિનચર્યામાં નવ મહિના દરમિયાન રાખડીઓ બનાવતી હતી અને સામાન્ય રીતે બોલતી રીટાના ઘરનું સરનામું મેળવવા માટે નારી સંરક્ષણ કેન્દ્રમાં પણ કર્મચારીઓ દ્વારા પૂછપરછ કરતા હતા. બીજી તરફ આ રીટાના ફોટા પોલીસે વિવિધ પોલીસમથકે મોકલી આપ્યા હતા અને સાથે નારી સંરક્ષણ કેન્દ્ર દ્વારા પણ શોધખોળ આદરી હતી. દરમિયાન અમરાઈવાડી પોલીસ ફોટો જોતા તેમના ત્યાં નોંધાયેલી ફરિયાદનો ફોટો બંને એક જ હતા જેથી રીટાની માતા શારદાબેન અને પિતા ચંદુભાઈને પોલીસે બોલાવ્યા હતા અને તેમની દીકરી વિશે વાત કરીને પુરાવા સાથે હિંમતનગર નારી સંરક્ષણ કેન્દ્રમાં સોમવારે મોકલ્યા હતા. હિંમતનગર નારી સંરક્ષણ કેન્દ્રમાં રહેતી રીટાએ તેના માતા-પિતાને ઓળખી બતાવ્યા હતા.




સામાજિક દાયિત્વ નિભાવવાની નેમ સાથે ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ (દૈનિક) અને ઈલેક્ટ્રોનિક્સ મીડીયાના પત્રકાર મિત્રોના સંગઠન 'ફિલ્ડ રિપોર્ટર' પાલનપુર દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે આજે જરૂરિયાતમંદ બાળકો વચ્ચે જઈને 'પતંગોત્સવ'ની અનેરી ઉજવણી કરાઈ હતી. ફિલ્ડ રિપોર્ટર પાલનપુર દ્વારા આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે પાલનપુર શહેરના બાળ રિમાન્ડ હોમ સહીત રામલીલા મેદાન ખાતે આવેલી શ્રમજીવી વસાહતમાં રહેતા જરૂરીયાતમંદ બાળકો વચ્ચે જઈ 'પતંગોત્સવ'ની અનેરી ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા પતંગોત્સવના કાર્યક્રમમાં પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, ચિલ્ડ્રન વેલ્ફેર કમિટીના ચેરમેન સુભાષભાઈ સોનેરી, સમાજ સુરક્ષા અધિકારી નરેશભાઈ મેણાત અને નારી સંરક્ષણ કેન્દ્રના સંચાલિકા એસ. કે. પટેલિયાના વરદ્હસ્તે જરૂરીયતમંદ બાળકોને પતંગ, દોરી, બિસ્કિટ, મમરાના લાડુ સહિત ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઉમરેઠની સરકાર માન્ય વ્યાજબી ભાવની બે દુકાનોના લાયસન્સ રદ કરતા જીલ્લા પુરવઠા અધિકારી

## સરકારી અનાજ -કેરોસીનનું કાળા બજાર કરતા ભંડારવાળાઓમાં ફફડાટ : પત્નીઓના નામે લાયસન્સ લઈ પતિઓ ભંડાર ચલાવતા હોવાની ફરીઆદ

ઉમરેઠ, તા. ૧૧

ગરીબોના ઘરનો ચૂલો સળગતો રહે અને ગરીબ પરીવાર ભુખ્યુ ન રહે તેવા આશયથી સરકાર ધ્વારા બી.પી.એલ પરીવારોને રાહતદરે અનાજ તથા કેરોસીન મળતુ રહે તેવા ઉદ્દેશથી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો ધ્વારા અનાજ તેમજ કેરોસીનનું વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આવી દુકાનોના કેટલાક લાલચુ સંચાલકો ધ્વારા ગરીબોના મોંમાંથી કોળીયો છીનવી સરકારી રાહતનું અનાજ કાળા બજારમાં વેચી દેતા હોવાની વ્યાપક ફરીઆદો ઉઠતા જીલ્લા કલેકટરે આવા તત્વોને ઠેકાણે લાવવા તેમજ કાળા બજારીઆઓને નશ્યત કરવાની સૂચના આપતા જીલ્લા પુરવઠા અધિકારી આર.ડી.ઝાલાએ કડક કાર્યવાહી કરતા લેભાગુ સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જીલ્લા પુરવઠા અધિકારીએ કરેલી લાલ આંખના પગલે આણંદ, વાસદ, પેટલાદ, સહિત અનેક વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનોના સંચાલકો ધ્વારા થતી ગેરરીતીઓ બહાર આવવા પામી છે. તે જ રીતે ઉમરેઠમાં ચકાસણી હાથ ધરતા બે ભંડાર સંચાલકોની ગેરરીતીઓ પકડાઈ હતી. અને તેના પગલે રાજેશ્રીબેન રાજેશભાઈ તલાટી તથા શેઠ સ્મૃતિબેન અતુલકુમાર સંચાલીત સરકાર માન્ય વ્યાજબી ભાવના પરવાના મોકુફ કરી દેતા સમગ્ર ઉમરેઠ તાલુકામાં સરકારી સસ્તા અનાજના પરવાના ધરાવતા સંચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા-વડાલી-ઈડર-વિજયનગર વિભાગને સાંકળતો તેમજ લક્ષ્મીપુરા કંપા તથા દામાવાસ કંપાનો સમાવિષ્ટ ઉદઘાટન સમારોહ માતૃશ્રી કુંવરમા સંકુલ વિદ્યાલયમાં યોજાયો. સાંસ્કૃતિક વિરાસતના ધરોહર સમાન આ કાર્યક્રમમાં કચ્છી સમાજની વિશાળ જન મેદની હાજર રહી. જેમાં પ.પૂ.ધ.ધૂ. નાનકદાસજી મહારાજ, પૂર્વ કલેકટર ઘોડાસરા સાહેબ, મહેશભાઈ સચિવ વિગરેના નેતૃત્વ હેઠળ કુંવરમા સંકુલની વિવિધ પ્રશાખાઓનો ઉદઘાટન સમારોહ યોજાયો. શોભાયાત્રા, ઉઘાડ પુસ્તિકાનું વિમોચનુ, પુસ્તકાલય ટાવર, ઓડિટોરીયમનું વિધિવત ઉદઘાટન કરવામાં આવ્યું. આચાર્યશ્રી ગૌતમભાઈ, નરેશભાઈ પટેલ તેમજ દામાવાસ કંપાના મોહનભાઈ પી. પટેલ અને તુલસીભાઈ તથા સંકુલના પ્રમુખ રમણભાઈ પી. પટેલ તથા ગંગારામભાઈએ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ જહેમત કરી.

# સાબરકાંઠા જિલ્લામાં બે અલગ અલગ અકસ્માતમાં બે ના મોત

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના મેત્રાલ નજીક શનિવારે મોડી સાંજે અજાણ્યા વાહને એક અજાણી વૃદ્ધાને ટક્કર મારીને નાસી ગયેલ જેમાં વૃદ્ધાનું ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે. તો બીજી તરફ ઈડર તાલુકાના મોહનપુર ગામ પાસે રવિવારની મોડી સાંજે રિક્ષા પલટી ખાઈ જતા રિક્ષાચાલક રમેશભાઈ ચંદુભાઈ ગવારીયા (ગંભીરપુરા, તા. ઈડર)ને ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. બનાવ અંગે ઈડર પોલીસ મથકે રસુલભાઈ મનસુરીએ ફરિયાદ નોંધાવી હતી.

# ડીસા કોલેજનું ગૌરવ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ યોગાસન સ્પર્ધા આર્ટ એન્ડ કોમર્સ કોલેજ કડી ખાતે યોજાઈ હતી. જેમાં ડીસા કોલેજના હિતેષ લોઢા, વિક્રમ ચૌધરી, કેશર લોઢા, પ્રજાપતિ અનિલ, પ્રવિણ જોષી, નાઈ વાસુએ ભાગ લઈ સમગ્ર યુનિવર્સિટીમાં સુંદર દેખાવ કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો અને કુરુક્ષેત્ર હરિયાણા ખાતે યોજાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ડીસા કોલેજના કેપ્ટન હિતેશ લોઢા સતત ત્રીજા વર્ષે નેશનલમાં પસંદગી પામેલ છે. આ તમામ ખેલાડીઓને ડીસા કોલેજના પ્રો. ડૉ. આર.ડી. ચૌધરીએ માર્ગદર્શન પુરું પાડયું હતું.

# અરવલ્લી સાબરકાંઠા જિલ્લામાં પક્ષીઓને સારવાર માટે હેલ્પલાઈન

અરવલ્લી, તા. ૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના હિંમતનગર, ઈડર, મોડાસા ખાતે આગામી પતંગ મહોત્સવ પક્ષીઓ માટે મોતનો પૈગામ બને છે ત્યારે જિલ્લા પ્રાણી અત્યાચાર સોસાયટી હિંમતનગર, મારૂતિ વિકાસ મંડળ અને જાયન્ટસ ગ્રુપ દ્વારા મોડાસા પતંગની દોરીથી ઘાયલ થયેલ પક્ષીઓ અને બિમાર પશુઓ માટે ત્રણ દિવસનો સારવાર તથા ઓપરેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. લોકજાગૃતિ માટે પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તરાયણના દિવસે પુણ્ય કમાવવા બધાજ લોકો ગાયોને એક સાથે ખવડાવે તો ગાયોના મોત નિપજી શકે છે. સવાર-સાંજના સમયે પક્ષીઓના ઉડવાના તથા ઘરે પાછા ફરવાના સમયે પતંગ ન ઉડાડવા પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓ માટે મોડાસા હેલ્પલાઈન નંબર - ૯૪૨૬૦-૬૦૮૫૫, નિલેશભાઈ જોષી, ડૉ. કિરણભાઈ પટેલ - ૯૪૨૮૦-૬૨૧૬૧, હિંમતનગર - ૯૪૨૭૦-૩૭૭૭૦, ૯૯૨૫૨૪૪૪૬૯, ઈડર - ૯૪૨૮૧-૯૯૨૪૮, ૯૪૨૭૩-૬૫૦૪૦નો સંપર્ક કરવો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૫૬૨૨૯૧




● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન